૨૦

અનુસૂચિત જાતિ અને વિચરતી વિમુકત જાતિના લોકો માટે શિક્ષણ શીબીરો યોજવા અંગે.

ગુજરાત સરકાર,
સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ,
( સ. ક. પ્રભાગ )
ઠરાવ ક્રમાંક:-એસસી ડબલ્યુ/૧૦૯૧/૧૦૩/જ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ :- ૨૭/૩/૧૯૯૨.

વંચાણે લીધા :- મજૂર સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક:-એસસી ડબલ્યુ/૧૦૭૮/૨૬૬૭(૭૯)/જ,તા.૨૦/૨/૭૯.

ઠ રા વ ::-

રાજય સરકારે અસ્પૃશ્યતા નિવારણ તથા નાગરીક હકક સંરક્ષણ ધારો, ૧૯૫૫ના અસરકારક અમલ માટે આમુખ (૧) માં દર્શાવેલ ઠરાવથી શિબીરો યોજવાનું અને શીબીર દીઠ રૂ. ૧૦૦૦/- ખર્ચ કરવાનું ઠરાવેલ છે. અનુ.જાતિ અને વિચરતી વિમુકત જાતિના લોકો મુખ્યત્વે ગ્રામ્ય વિસ્તારોમાં છૂટાછવાયા રહેતા હોય છે. તેઓને સરકારની વિવિધ યોજનાઓની જાણકારી તેમજ તેમની રુઢિગત માન્યતાઓમાં સુધારો ઉપરાંત આ જાતિના લોકોમાં શિક્ષણનો વ્યાપ વધે તે આશયથી સરકારશ્રી આ જાતિના લોકો માટે શિક્ષણ શીબીરો યોજવાનું અને શીબીર દીઠ રૂ. ૫૦૦૦/- સુધીનું ખર્ચ કરવાનું આથી ઠરાવે છે.

૨/- આ અંગેની શરતો નીચે મુજબની રહેશે.

(૧) રાજયના દરેક જિલ્લામાં વર્ષ દરમ્યાન બે શીબીર યોજવાની રહેશે.

(૨) ઓછામાં ઓછા ૫૦ વ્યકિતઓની શિબીર યોજવાની રહેશે.

(૩) આ શીબીરોમાં ભાગ લેનાર વ્યકિતઓને મફત જમવાની સગવડ તથા આવવા જવા માટે ટૂંકામાં ટૂંકા માર્ગનું બસ/રેલ્વેનું ભાડુ આપવાનું રહેશે.

૩/- આ અંગેનું અનુસૂચિત જાતિના લોકો માટેની શીબીરોનું ખર્ચ માંગણી નં. ૯૦, મુખ્ય સદર-૨૨૨૫-અનુ. જાતિ/અનુ. જનજાતિ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ પેટા સદર-શીશી કેન્દ્ર અનુસૂચિત જાતિ માટે શિબિરો એ સદર હેઠળ પ્રાપ્ય ફંડ માંગણીમાં મંજૂર રહેલ રૂ. ૧૦૦૦/- અને બાકીની રકમ ૯૧-ખાસ અંગભૂત યોજના હેઠળની ગ્રાન્ટની સમગ્ર બજેટમાંથી પુનઃવિનિયોગ ઉપલબ્ધ રીતે કરવાનું રહેશે.

માંગણી
ઉપલબ્ધ
3 APR 1992

૪/- આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સચિવશ્રી (ખર્ચ) નાણાં વિભાગની તા. ૨૯/૧/૯૨ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સુલાભ જ. પટેલ
ઉપ સચિવ,
સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ,
( સમાજ કલ્યાણ પ્રભાગ )

પ્રતિ,
મા. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
મા. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
મા. મંત્રીશ્રી (સ. ક.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
મા. સંસદીય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
નિયામકશ્રી, સમાજ કલ્યાણ ખાતુ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
સર્વે જીલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ,
સર્વે જીલ્લા સમાજ કલ્યાણ અધિકારી (પંચાયત).
સર્વે જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ (વિકસતી જાતિ)
મહાલેખાધિકારશ્રી, રાજકોટ/અમદાવાદ.
પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
સચિવાલયના સર્વે વિભાગ,
બજેટ શાખા, નાણાં વિભાગ
નાણાંકીય સલાહકારશ્રી, સમાજ કલ્યાણ વિભાગ.
વિભાગની સર્વે શાખાઓ.
સિલેક્ટ ફાઇલ.

---

વાળંદ, ૨૭-૩-૯૮. //